# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૫ જુલાઈ, ૨૦૧૫ (રવિવાર)

### 1) UPSC પરિક્ષાનું પરિણામ જાહેર :–

- યુપીએસસી દ્વારા ગત ડિસેમ્બર – ૨૦૧૪માં લેવાયેલી સિવિલ સર્વિસીસ પરીક્ષાનું પરિણામ જાહેર.
- સમગ્ર દેશમાંથી ૧૨૩૬ વિદ્યાર્થીઓ સફળ થયા છે.
- આ સફળ વિદ્યાર્થીઓમાં ગુજરાતના ૧૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાયા છે.
- દેશના ટોપ – ૧૦૦ માં ગુજરાતના ત્રણ :
- દેશના ટોપ – પાંચમાંથી ચાર છોકરીઓ જેમા પ્રથમ વખત વિકલાંગ મહિલા પ્રથમ ક્રમે છે.
- પ્રથમ ક્રમ મેળવનાર ઈરા સિંઘલ કરોડરજ્જુની સમસ્યા સ્કોલિઓસિસથી પીડિત છે.
- ૨૯ વર્ષીય ઈરા સિંઘલ ૬૦% વિકલાંગ છે અને હાલમાં આઈઆરએસ ની ટ્રેનિંગ માટે હૈદરાબાદમાં છે.

### 2) રાયન હેરિસ – ઓસ્ટ્રેલિયન ક્રિકેટર :–

- ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર રાયન હેરિસે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃતિ જાહેર કરી દીધી છે.
- નિવૃતિ સમયે હેરિસ આઈસીસીના બોલર્સ રેન્કિંગમાં ચોથા ક્રમે હતો.

### 3) સોલાર ઈમ્પલ્સ – ૨ :–

- વિશ્વ પ્રવાસે નિકળેલા સોલાર વિમાન સોલાર ઈમ્પલ્સ – ૨ એ સતત ૪ દિવસ, ૨૧ કલાક અને ૫૨ મિનિટ (૧૧૮ કલાક)
- સતત ૧૧૮ કલાક સુધી વિમાન ઉડાવાનું કામ સ્વીત્ઝર્લેન્ડના પાઈલટ આન્દ્રે બ્રોશબર્ગ કર્યુ હતું.
- અગાઉ આ રેકોર્ડ અમેરિકાના સ્ટીવ ફોસેટના નામે હતો. સ્ટીવે સતત ૭૬ કલાક સોલો ઉડ્ડયન કર્યુ હતુ.
- જાપાનના નોગોયા થી ઉડાન ભરી પેસેફિક મહાસાગર પાર કરી ૧૧૮ કલાક બાદ અમેરિકાના હવાઈ ટાપુ પર આગમન કર્યુ હતુ.
- ૨૦૧૫ ની ૯ મી માર્ચે આબુધાબીથી રવાના થયેલા સોલાર ઈમ્પલ્સ – ૨ ને ફરી આબુધાબી પહોંચવાનું છે.
- વિશ્વ પ્રવાસ દરમિયાન સોલાર વિમાને ભારતમાં અમદાવાદ અને વારણસીમાં પણ ઉતરાણ કર્યુ હતુ.

### 4) કેતુલ પટેલ :–

- સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર પદે નિમણૂંક.

### 5) ગુજરાત સેન્દ્રીય ખેતીનિતી – ૨૦૧૫ :–

- રાસાયણિક ખાતર, જંતુનાશક દવાના ઉપયોગથી જમીનો બીન ઉપજાઉ જાતી બની રહી છે તેમજ માનવ સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસરો થઈ રહી છે.
- આ સમસ્યાને નિવારવા ગુજરાત સરકારે સજીવ ખેતીનિતિ – ૨૦૧૫ જાહેર કરી છે.
- ભારતમાં સેન્દ્રિય ખેતીનિતિ જાહેર કરનાર ગુજરાત નવમું રાજય બન્યુ છે.
- સજીવ ખેતી કરનારા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે સરકારે વર્ષ ૨૦૧૫ – ૧૬ માટે રૂ. ૧૦ કરોડની નાણાંકીય જોગવાઈ કરી છે.
- સજીવ ખેતી કરી સિદ્ધિ મેળવનારા ખેડૂતોને રાજય સરકારે 'સરદાર પટેલ કૃષિ સંસોધન એવોર્ડ' આપવાનું નક્કી કર્યુ છે.

Vivekanand Academy, Gandhinagar